Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# ગુજરાત રાજયની પ્રાથમિક શાળાઓના અનિયમિત રહેતા અને સમયબદ્ધતા ન જાળવતા વિધાર્થીઓનો અભ્યાસ

RESEARCHER
DR. ROHIT C. PATEL
(M.COM.,M.ED.,PH.D.)
Lecturer, District Institute Of Education And Training, Navsari

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

## 1. પ્રસ્તાવના

પ્રાથમિક શિક્ષણ એ એક એવું માધ્યમ છે જેના દ્વારા બાળકમાં અપેક્ષિત કૌશલ્યો અને ગુણો વિકસાવી શકાય છે. બાળક તેના બાહય જીવનના મહત્ત્વના વર્ષ એટલે કે 6 થી 14 વર્ષ પ્રાથમિક શાળામાં વિતાવે છે માટે પ્રાથમિક શિક્ષણને ગતિશીલ બનાવવા માટે શાળામાં મહત્તમ બાળકોનું નામાંકન થાય, બાળકોને શાળામાં આવવું ગમે, રોકાવું ગમે તેમજ શાળાનું સમગ્ર વાતાવરણ આનંદદાયક લાગે તે પ્રકારની સુંદર પ્રવૃત્તિઓના માધ્યમથી ગુજરાત રાજયની પ્રાથમિક શાળાઓમાં શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી, ગુણોત્સવ અને મધ્યાહન ભોજન યોજના જેવા અનેક કાર્યક્રમ યોજવામાં આવે છે પરંતુ આજે પણ આપણી પ્રાથમિક શાળાઓમાં શિક્ષણના સ્તરમાં અપેક્ષિત શૈક્ષણિક સુધારા થયા હોય તેવું જોવા મળતું નથી. આ માટેના કેટલાક અવરોધક પરિબળો પણ અસર કરતા હોય છે જેમ કે બાળકોનું શાળાએ ન આવવું, શાળામાં બાળકોની પૂરતી હાજરીનો અભાવ, સમયસર શાળાએ ન પહોચવું કે સમયબદ્ધતા ન જાળવવી. આ બધા પરિબળો પ્રાથમિક શિક્ષણમાં અવરોધ ઉભો કરે છે અને તેનાથી યોગ્ય અને અપેક્ષિત શૈક્ષણિક નિષ્પતિ મેળવી શકતા નથી.

શિક્ષણના વિવિધ સ્તરોમાં સૌથી વધારે મહત્ત્વ જયારે પ્રાથમિક શિક્ષણને આપવામાં આવે છે ત્યારે પ્રાથમિક શિક્ષણની ગુણવત્તાને સ્પષ્ટ અસર કરનાર વિદ્યાર્થીઓની અનિયમિતતા અને અસમયબદ્ધતાનું પ્રમાણ રાજયની પ્રાથમિક શાળામાં કેવું છે, તેમજ ગુજરાત રાજયની પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓની 'અનિયમિતતા' અને 'અસમયબદ્ધતા' પાછળનાં કારણો કયા છે તે જાણવા માટે જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવેલ હતું.

## 2. સમસ્યાકથન

પ્રસ્તુત સંશોધનનું શીર્ષક નીચે મુજબ શબ્દબદ્ધ કરવામાં આવ્યું હતું.

ગુજરાત રાજયની પ્રાથમિક શાળાઓના અનિયમિત રહેતા અને સમયબદ્ધતા ન જાળવતા વિદ્યાર્થીઓનો અભ્યાસ

## 3. સંશોધનના હેતુઓ

સંશોધનના હેતુઓ આ પ્રમાણે હતા.

1. ગુજરાત રાજયની પ્રાથમિક શાળાઓના વિધાર્થીઓની અનિયમિતતાનું પ્રમાણ જાણવું.

2. ગુજરાત રાજયની પ્રાથમિક શાળાઓના વિધાર્થીઓની સમયબદ્ધતાના અભાવનું પ્રમાણ જાણવું.

3. ગુજરાત રાજયની પ્રાથમિક શાળાઓના વિધાર્થીઓની અનિયમિતતા અને સમયબદ્ધતાના અભાવના કારણો જાણવા.

## 4. સંશોધનના પ્રશ્નો

પ્રસ્તુત સંશોધનમાં પ્રયોજકોએ નીચે પ્રમાણે અભ્યાસ પ્રશ્નોની રચના કરી હતી.

1. ગુજરાત રાજયની પ્રાથમિક શાળાઓના વિધાર્થીઓની અનિયમિતતાનું પ્રમાણ શું હશે?

2. ગુજરાત રાજયની પ્રાથમિક શાળાઓના વિધાર્થીઓની સમયબદ્ધતાના અભાવનું પ્રમાણ શું હશે?

3. ગુજરાત રાજયની પ્રાથમિક શાળાઓના વિધાર્થીઓની અનિયમિતતા અને સમયબદ્ધતાના અભાવના કારણો કયા કયા હશે?

## 5. સંશોધનના ચલો

પ્રસ્તુત સંશોધનમાં સ્વતંત્ર ચલ નીચે મુજબ હતા.

| | |
|---|---|
| **1. સ્વતંત્ર ચલ** | 1.સમયબદ્ધતાના અભાવના કારણો<br>2.અનિયમિતતાના કારણો |
| **2. ગૌણ સ્વતંત્ર ચલ** | 1. જાતીયતા(કુમાર/કન્યા)<br>2. વિસ્તાર (શહેરી/ગ્રામ્ય)<br>3. ધોરણ (6,7,8) |
| **3. પરતંત્ર ચલ** | ગુજરાત રાજયની સરકારી ઉચ્ચ પ્રાથમિક શાળાઓના વિધાર્થીઓના અનિયમિતતાના અને સમયબદ્ધતાના અભાવના કારણો અંગે પ્રાપ્ત અભિપ્રાયો. |

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

**6. સંશોધનનું મહત્ત્વ**

સંશોધનનું મહત્વ નીચે મુજબ છે.

1. ગુજરાત રાજ્ય પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓની અનિયમિતતાના કારણો જાણી શકાશે.
2. ગુજરાત રાજ્ય પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓના સમયસર ન આવવાના કારણો વિશે માહિતી મેળવી શકાશે.
3. શાળાએ સમયસર ન આવતા વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન આપવા માટે આ સંશોધન મહત્ત્વનું બની રહેશે.
4. સરકારને શૈક્ષણિક નીતિના ઘડતરમાં પ્રસ્તુત સંશોધનના તારણો મહત્ત્વના બની રહેશે.
5. પ્રાથમિક શાળાના શિક્ષકો, આચાર્યો તેમજ બી.આર., સી.સી.આર. સી.કો – ઓર્ડીનેટરર્સ, કેળવણી શિક્ષક, ડાયેટ લેકચરર્સ અને વિદ્યાર્થીઓના વાલીઓ માટે પ્રસ્તુત સંશોધનના તારણો મહત્ત્વના બની રહેશે.
6. પ્રસ્તુત સંશોધનના તારણો ગુજરાત રાજ્યની પ્રાથમિક શાળાઓ માટે અનિયમિત અને સમયસર ન આવતા વિદ્યાર્થીઓ માટે લાગુ પાડી શકાશે.
7. વિદ્યાર્થીઓની નિયમિતતા અને સમયબદ્ધતા જળવાઈ રહે તે માટે શૈક્ષણિક પ્રવૃત્તિ, શૈક્ષણિક પદ્ધતિઓ અને શૈક્ષણિક કાર્યક્રમોનું આયોજન કરવા માટે પ્રસ્તુત સંશોધનના તારણો મહત્ત્વના બની રહેશે.

**7. સંશોધનનું સીમાંકન**

પ્રસ્તુત સંશોધનમાં સીમાંકન નીચે મુજબ કરેલ હતું.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

1. સંશોધનના કાર્યક્ષેત્ર અંતર્ગત ગુજરાત રાજયના 33 જિલ્લાઓમાંથી 15 જિલ્લાઓની પ્રાથમિક શાળાઓનો જ પ્રસ્તુત સંશોધનમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

2. પ્રસ્તુત સંશોધન ગુજરાત રાજયની ગુજરાતી માધ્યમની જિલ્લા પંચાયત અને નગર પંચાયત સંચાલિત ઉચ્ચ પ્રાથમિક શાળાઓના વિધાર્થીઓ પૂરતું મર્યાદિત હતું.

3. પ્રસ્તુત સંશોધનમાં ધોરણ 6 થી 8 માં અભ્યાસ કરતાં વિધાર્થીઓ પૈકી માહિતી એકત્રીકરણનાં દિવસે નિયમિતતા ન જાળવતા અને અસમયબદ્ધ રહેલા વિધાર્થીઓને જ પ્રસ્તુત સંશોધન હેઠળ સાંકળવામાં આવેલ હતા.

4. પ્રસ્તુત સંશોધનમાં શાળા કક્ષાએ વિધાર્થીની ઘણી બધી વર્તન સમસ્યાઓમાંથી અનિયમિતતા અને સમયબદ્ધતાના અભાવની સમસ્યા પૂરતું જ મર્યાદિત હતું.

## 8. સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધનમાં ગુજરાત રાજયની પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓના અસમયબધ્ધતા અને અનિયમિતતાના કારણો જાણવાના હોઇ તે અંગેની વિસ્તૃત માહિતી પ્રાપ્ત કરવાની હોવાથી સર્વેક્ષણ પધ્ધતિનો ઉપયોગ કરેલ છે.પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પદ્ધતિથી હાથ ધરવામાં આવ્યું હતું.

## 9. વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી

પ્રસ્તુત સંશોધનમાં ગુજરાત રાજયના ૩૩ જિલ્લામાંથી નમૂના પસંદગી કરવામાં આવી હતી. પસંદ કરેલ તમામ જિલ્લામાં આવેલ જિલ્લા પંચાયત અને નગર પાલિકા સંચાલિત પ્રાથમિક શાળાઓની પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકત્રિકરણ માટે પસંદગી કરવામાં આવી હતી. આમ, ગુજરાત રાજયની જિલ્લા પંચાયત અને નગર પાલિકા સંચાલિત પ્રાથમિક શાળાઓ પ્રસ્તુત સંશોધનનું વ્યાપ વિશ્વ હતું.

ગુજરાત રાજયમાં આવેલ તમામ જિલ્લા પૈકી 15 જિલ્લાઓનો સમાવેશ યાદચ્છિક નમૂના પસંદગીથી કરેલ હતો. 15 જિલ્લાઓમાં આવેલ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોએ વિસ્તાર, જાતિ અને ધોરણોનું

પ્રતિનિધિત્વ જળવાય તેવી રીતે બહુસ્તરીય યાદચ્છિક નિદર્શ (Multi Stage Random) દ્વારા 15 જિલ્લાના દરેક તાલુકામાંથી બે કલસ્ટરની અને કલસ્ટર દીઠ એક શાળા પસંદ કરવામાં આવેલ હતી.નમૂનામાં પસંદ કરેલ શાળાઓમાંથી સર્વેક્ષણની દિવસે અનિયમિત વિધાર્થી (જેમની હાજરી 80 % થી ઓછી ) અને સમયબદ્ધતા ન જાળવતા વિધાર્થીઓની નમૂનામાં પસંદગી કરવામાં આવી હતી. જે વિધાર્થીઓની 80%થી ઓછી હાજરી હોય તેમને અનિયમિત ગણી તેમને નમૂનામાં પસંદગી કરવામાં આવી હતી. આ માટે તેમના વર્ગ રજીસ્ટર અને ગૃહકાર્ય નોટબુક, નિબંધપોથી વગેરેનો સંદર્ભ લેવામાં આવ્યો હતો. ઉપરાંત જે વિધાર્થીઓ 11.00 પછી શાળામાં દાખલ થયા હતા તે વિધાર્થીઓને સમયબદ્ધતા જાળવતા નથી તેની નમૂનામાં પસંદગી કરવામાં આવી હતી. ઉપરાંત શાળામાં 11.00 વાગ્યે લીધેલ હાજરી અને 3.30 કલાકે ફરીથી હાજરી લેવામાં આવી હતી. તેમાં જે વિધાર્થીઓ કહયા વગર વહેલા જતા રહેતા હોય તેવા વિધાર્થીઓને નમૂનામાં પસંદ કરવાનું નકકી કરવામાં આવ્યુ હતું. પરંતુ પ્રસ્તુત સંશોધનમાં શાળાએથી સમય કરતા વહેલા ઘરે જતા રહેતા બાળકોની સંખ્યા જોવા મળી ન હતી. પસંદ કરેલ શાળાના વિધાર્થીઓની સહેતુક નમૂના પદ્ધતિએ પસંદગી કરવામાં આવી હતી. ગુજરાત રાજયના 33 જિલ્લામાંથી અનિયમિતતાવાળા 1476 વિદ્યાર્થીઓ અને સમયદ્ધતા ન જાળવતા 1775 વિદ્યાર્થીઓની નમૂનામાં પસંદગી કરવામાં આવી હતી.

**અનિયમિતતા સંદર્ભે નમૂનાની વિગત દર્શાવતી સારણી**

| ક્રમ | વિસ્તાર | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | ધોરણ | શહેરી વિસ્તાર | | | ગ્રામ્ય વિસ્તાર | | |
| | | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ |
| 1 | 6 | 45 | 42 | 87 | 277 | 244 | 521 |
| 2 | 7 | 45 | 52 | 97 | 272 | 218 | 490 |
| 3 | 8 | 53 | 36 | 89 | 270 | 195 | 465 |
| કુલ | | 143 | 130 | 273 | 819 | 657 | 1476 |

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

**અસમયબદ્ધતા સંદર્ભે નમૂનાની વિગત દર્શાવતી સારણી**

| ક્રમ | વિસ્તાર | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ધોરણ | શહેરી વિસ્તાર | | | ગ્રામ્ય વિસ્તાર | | | |
| | | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | કુલ |
| 1 | 6 | 93 | 93 | 186 | 261 | 196 | 457 | 643 |
| 2 | 7 | 93 | 103 | 196 | 195 | 179 | 374 | 570 |
| 3 | 8 | 103 | 85 | 188 | 215 | 159 | 374 | 562 |
| કુલ | | 289 | 281 | 570 | 671 | 534 | 1205 | 1775 |

**10. ઉપકરણની પસંદગી અને રચના**

પ્રસ્તુત સંશોધન માટે જી.સી.ઇ.આર.ટી. ગાંધીનગરના માર્ગદર્શનમાં સંશોધન હાથ ધરવા માટે ઉપકરણ તૈયાર કરવા માટે ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે બેઠકનુ આયોજન કરવામા આવેલ. જેમાં શિક્ષણવિદોના માર્ગદર્શન હેઠળ જિલ્લા શિક્ષણ તાલીમ ભવનોના અધ્યાપકોએ ભેગા મળી ઉપકરણની રચના હાથ ધરેલ હતી. જે ઉપકરણ તૈયાર થયુ તેને કમ્પ્યુટરાઇઝ્ડ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વડોદરા દ્વારા દરેક ડાયેટને મોકલવામાં આવ્યુ. જેમાં ત્રણ ઉપકરણ તૈયાર કરવામાં આવેલ. જેના આધારે પ્રાથમિક અજમાયશ હાથ ધરવામાં આવેલ. પ્રસ્તુત સંશોધનમાં સમયબદ્ધતા અને નિયમિતતા એક બે સમસ્યાઓ વિશે માહિતી મેળવવાની હતી. તેથી પ્રસ્તુત સંશોધનમાં આ બે સમસ્યાઓના વિધાનોની રચના કરવામાં આવી હતી. આમ, પ્રસ્તુત સંશોધન માટે ત્રણ ઉપકરણની રચના કરવામાં આવી હતી. જેની માહિતી નીચે મૂજબ આપવામાં આવી છે.

| ઉપકરણ 1 | ઉપકરણ 2 | ઉપકરણ 3 |
|---|---|---|
| અનિયમિત અને અસમયબદ્ધ વિદ્યાર્થીઓનું ઓળખ પત્રક | પ્રશ્નાવલિ ( સમય બદ્ધતા) | પ્રશ્નાવલિ (અનિયમિતતા) |

## 11. માહિતી પૃથક્કરણની રીત

ઉપકરણની મદદથી પ્રાપ્ય માહિતીનું અંકશાસ્ત્રીય પૃથક્કરણ  ટકાવારીY) કરવામાં આવ્યુ હતું.

## 12. સંશોધનના તારણો

### 12.1 સામાન્ય માહિતી આધારિત તારણો

1. સતત ગેરહાજર હતા વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી છે. કુમારો કન્યાઓની ગેરહાજરીમાં કોઇ તફાવત જોવા મળતો નથી.
2. ધોરણ 6 માં સતત ગેરહાજર રહેતા વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી છે. કન્યાઓ કરતા કુમારોમાં સતત ગેરહાજરીનું પ્રમાણ વધુ હતું.
3. ધોરણ 7 માં વિદ્યાર્થીનીઓની સતત ગેરહાજરીનું પ્રમાણ ઓછુ છે. કુમારો કરતા કન્યાઓમાં સતત ગેરહાજરીનું પ્રમાણ વધુ છે.
4. ધોરણ 8 માં સતત ગેરહાજર રહેતા વિદ્યાર્થીઓનું પ્રમાણ ઓછુ છે. કુમારો કરતા કન્યાઓનું સતત ગેરહાજરીનું પ્રમાણ વધુ હતું.
5. ધોરણ 8 માં મોડા આવનાર વિદ્યાર્થીઓનું પ્રમાણ નીચું હતું.
6. ધોરણ 8 માં અન્ય ધોરણની તુલનામાં કુમારો અને કન્યાઓનું વહેલા જવાનું પ્રમાણ વધુ હતું.
7. ધોરણ 6 થી 8 માં  80 % થી ઓછી હાજરીવાળા વિદ્યાર્થીઓનું પ્રમાણ ઓછુ હતુ. ધોરણ 6 માં અન્ય ધોરણની તુલનામાં 80 % થી ઓછી હાજરીવાળાનું પ્રમાણ ઉંચુ જોવા મળ્યુ.

### 12.2 સમયબદ્ધતા આધારિત તારણો

1. ધોરણ 6 માં  વિદ્યાર્થીઓ મોડા આવવાથી  શિક્ષક ટકોર કરતા હતા.
2. ધોરણ 7 ના વિદ્યાર્થીઓને પણ મોડા આવવાથી શિક્ષક ટકોર કરતા હતા.
3. ધોરણ 8 માં વિદ્યાર્થીઓને મોડા આવવાથી  શિક્ષક ટકોર કરતા હતા.
4. વિદ્યાર્થીઓ મોડા આવવાથી શિક્ષકો તેમને ટકોર કરતા હતા.

5. પ્રાર્થના સભામાં ભાગ લેવાનો હોવાથી વિદ્યાર્થીઓ મોડા આવતા નથી.

6. પ્રાર્થના સભાના કંટાળાજનક હોય તો તેને કારણે વિદ્યાર્થીઓ શાળાએ મોડા આવતા નથી.

7. ધોરણ 6 થી 8 માં વિદ્યાર્થીઓને ઘરે કામ હોવાથી શાળામાં આવવામાં મોડુ થતુ હતું. શહેરી વિસ્તાર કરતા ગ્રામ્ય વિસ્તારમાં ઘરે કામ હોવાથી શાળામાં મોડુ આવવાનું વિદ્યાર્થીઓનું પ્રમાણ વધુ હતું. કન્યાઓનું પ્રમાણ કુમારો કરતા ઘરકામમાં રોકાયેલ હોવાથી શાળામાં મોડા આવવાનું પ્રમાણ વધુ હતું.

8. ધોરણ 7 ના વિદ્યાર્થીઓનેખેતી /મજૂરી/નાના ભાઈ બહેનોને રાખવાનું હોવાથી મોડા આવતા હતા. ધોરણ 8 ની કન્યાઓને ખેતી /મજૂરી/નાના ભાઈ બહેનોને રાખવાનું હોવાથી મોડા આવતા હતા. ધોરણ 6 ના વિદ્યાર્થીઓ ખેતી /મજૂરી/નાના ભાઈ બહેનોને રાખવાનું હોય તો મોડા આવતા નથી.

9. ધોરણ 6 થી 8 ના વિદ્યાર્થીઓને ઘરેથી શાળાએ આવવામાં બહુ સમય લાગતો ન હતો.

10. ધોરણ 6 થી 8 ના વિદ્યાર્થીઓને માટે ઘરેથી શાળાએ આવવા જવા માટેની સુવિધા છે.

11. ધોરણ 7 માં ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને સવારે જમવાનું મોડું થતું હોવાથી શાળામાં સમયસર આવી શકાતુ નથી.

12. વિદ્યાર્થીઓને ઘરે જમવાનું મોડું થાય તો શાળામાં મોડા આવતા ન હતા..

13. શાળામાં સાફ સફાઈ કરવાને કારણે વિદ્યાર્થીઓ મોડા આવતા નથી.

14. શાળામાં મધ્યાહન ભોજન લીધા બાદ શાળામાંથી વિદ્યાર્થીઓ જતા રહેતાં નથી.

15. ભાઈ બહેન અથવા મિત્રો શાળામાંથી જતા રહેતાં હોવાથી જતા રહેતા નથી.

**12.3 અનિયમિતતા સંદર્ભે પ્રાપ્ત તારણો**

1. .ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં વિદ્યાર્થીઓને વાલીઓ મજૂરી કામ માટે મોકલતા ન હતા.

2. ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ઘરની આર્થિક સ્થિતિ સારી ન હોય અન્ય કામમાં રોકાતા નથી.

3. ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ઘરના સભ્યો બીમાર હોવાથી મદદ માટે રોકાવુ પડતું નથી.

4. ગ્રામ્ય વિસ્તારમાં કન્યાઓએ ઘરના કામમાં મદદ માટે રોકાવું પડે છે.

5. સ્પષ્ટ રીતે કહી શકાય નહિ કે ગ્રામ્ય અને શહેરી વિસ્તારમા કરવામાં આવતી સાફ સફાઈની કામગીરી વિધાર્થીઓને ગમતી નથી.

6. શહેરી વિસ્તારની કન્યાઓ બજાર/હાટમાં જવાને કારણે રજા પાડે છે.

7. શહેરી વિસ્તારની કન્યાઓ મેળામાં જવાને કારણે શાળામાં આવતી નથી.

8. ગ્રામ્ય વિસ્તારના કુમારો લગ્ન પ્રસંગ/ધાર્મિક પ્રસંગમાં જવાને કારણે શાળામાં આવતા નથી.

## 13. સંશોધનના સુચિતાર્થો

### 13.1 સામાન્ય માહિતી સંદર્ભે

1 ધોરણ 7 અને 8 માં કન્યાઓની હાજરી વધે તેવા પ્રયત્નો થવા જોઈએ.

2 ધોરણ 6 માં કુમારોની હાજરી વધે તેવા પ્રયત્નો થવા જોઇએ તેમની સતત ગેર હાજરી ઘટે તેવા પ્રયત્નો થવા જોઇએ.

3 ધોરણ 6 મા મોડા આવનાર વિદ્યાર્થીઓનું પ્રમાણ ઘટે તેવા પ્રયત્નો થવા જોઇએ.

4 ધોરણ 8 માં શાળાએથી વહેલા જતા રહેતા વિદ્યાર્થીઓનું પ્રમાણ ઘટે તેવા પ્રયત્નો થવા જોઇએ.

5 ધોરણ 6 માં 80% થી ઓછી હાજરીના વાળા વિદ્યાર્થીઓની હાજરી વધે તેવા પ્રયત્નો થવા જોઇએ.

### 13.2 સમયદ્ધતા સંદર્ભે

1. ધોરણ 6 થી 8 ના વિદ્યાર્થીઓને શાળામાં જવાના સમયે ઘરકામમાં રોકી ન રાખે તે માટે વાલીઓને સમજાવી જરૂરી માર્ગદર્શન પૂરૂ પાડવું જોઇએ..

2. ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ શાળાના જવાના સમયે ઘરકામમાં રોકાયેલા ન રહે તે માટે વાલીઓને માર્ગદર્શન આપવુ જોઇએ.

3. કન્યાઓને શાળામાં જવાના સમયે વાલીઓ ઘરકામમાં રોકી ન રાખે અને તેમને સમયસર શાળામાં જવા દે તેવું માર્ગદર્શન વાલીઓને પૂરૂ પાડવું જોઇએ.

4. ધોરણ 7 ના ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને શાળામા. જવાના સમયે ખેતી/મજૂરી/નાના ભાઇ બહેનને રાખવાના કામમાં ન રાખે તે માટે વાલી મિટીંગો યોજીને તેમને માર્ગદર્શન પૂરૂ પાડવું જોઇએ.

5. ધોરણ 8 ની કન્યાઓને શાળામાં જવાના સમયે ખેતી/મજૂરી/નાના ભાઇ બહેનને રાખવાના કામમાં ન રાખે તે માટે વાલી મિટીંગો યોજીને તેમને માર્ગદર્શન પૂરૂ પાડવું જોઇએ.

### 13.3 અનિયમિતતા સંદર્ભે

1. ગ્રામ્ય વિસ્તારના કન્યાઓના વાલીઓને વિદ્યાર્થીનીઓને ઘરકામમાં મદદમાં વધુ ન લેતા શાળાએ નિયમિત હાજરી રહે તે માટે સમજાવવા જોઈએ.

## 14. સમાપન

શિક્ષણની ગુણવત્તા જાણવવા માટે વિદ્યાર્થીઓની શાળામાં નિયમિત હાજરી અને સમયસર શાળામાં આવે તે બે બાબત બહુ જરૂરી છે. વિદ્યાર્થીઓની આ બે સમસ્યાઓના નિવારણ માટે પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું. આ પ્રકારની સમસ્યાઓના નિવારણથી શિક્ષણની ગુણવત્તામાં વધારો થાય તેવા શુભ આશયથી પ્રસ્તુત સંશોધન શિક્ષણ જગતમાં અર્પણ કરવામાં આવે છે.

**સંદર્ભસુચિ :-**


- દવે, જે.કે (૨૦૦૧). *વિકસતા ભારતમાં શિક્ષણ અને શિક્ષક.* અમદાવાદ : બી.એસ.શાહ પ્રકાશન
- દેસાઈ એચ.જી (૧૯૯૯). *સંશોધન અહેવાલ.* *રાજકોટ* : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.
- પટેલ જે .ડી (૨૦૦૪) *વિકાસમાંન ભારતીય સમાજમાં શિક્ષણ* : નિરવ પ્રકાશન અમદાવાદ .